# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ કરતા કોમર્સમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનો જોક વધુ

## નીટ અને જેઇઇની પરીક્ષાની તૈયારીને ધ્યાને લઇ શાળાની પસંદગી : પરીક્ષાના હાઉના લીધે વિદ્યાર્થીઓમાં ગભરાટ : ડે સ્કુલનો ક્રેઝ યથાવત

ગાંધીનગર તા ૧

ધોરણ -૧૦ ના પરિણામ બાદ હાલ નગરની શાળાઓ પ્રવેશ કાર્યવાહીથી ધમધમી રહી છે. શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ જોવા મળી રહી છે. પોતાના પાલ્યની ઉજજવળ શૈક્ષણિક કારકીર્દી માટે વાલીઓ ચિંતિત છે. વિજ્ઞાન પ્રવાહમાં મેડિકલ તેમજ એન્જિનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ માટે નીટ અને જે ઇ ઇ ની કસોટી મુખ્ય બનતા શાળાકક્ષાએ આ કસોટીને અનુલક્ષી અપાતા શિક્ષણ અંગે પણ વાલીઓએ વિશેષ રીતે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ત્યારે શાળામાં પ્રવેશ મેળવતા પુર્વે પણ આ અંગેની જાણકારી તેમજ પુછતાછ મુખ્ય બની છે. જયારે નીટ અને જેઇઇની પરીક્ષા લીધે વિદ્યાર્થીઓમાં હાઉ પ્રવર્તયો હોવાના લીધે પણ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે વાલીઓનુ મોં વંકાયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નગરની કેટલીક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે ગત વર્ષ કરતા વિદ્યાર્થીઓનો ઉત્સાહ ઓછો જણાંયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે બીજીતરફ કોર્મસ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે વધુ ઉત્સાહ દાખવવામાં આવી રહયો હોવાનુ પણ શાળા સંચાલકોનુ માનવુ છે. વિજ્ઞાન પ્રવાહમાં નીટ અને જેઇઇ ના લીધે પ્રવેશ અંગેની અનિર્ણાયક સ્થિતિ પણ વાલીઓ માટે ગભરામણનુ કારણ બની હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે ગાંધીનગર ઉપરાંત બરોડા સુરેન્દ્રનગર અને સુરત સહીતના શહેરમાંથી નગરની શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળી રહયો છે. શહેરની શાળાઓના સંચાલકોએ ધોરણ -૧૧ માં વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓને અનુલક્ષી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

**નીટ-જેઇઇની તૈયારી શાળા પસંદગી માટે મુખ્ય**

શાળાની પસંદગી નીટ અને જેઇઇ ની તૈયારીને અનુલક્ષી કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ આ અંગે પુરતી માહીતી મેળવી આ કસોટીની તૈયારીને ધ્યાનમાં રાખી શાળામાં પ્રવેશ મેળવે છે. જેમાં ખાસ કરીને હોંશિયાર વિદ્યાર્થીઓ આ બાબતને ધ્યાનમાં રાખીને જ શાળાની પસંદગી કરે છે. જયારે માત્ર બોર્ડ કસોટી પાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓ બિન્દાસ્ત છે. જો કે ૮૦ ટકા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ નીટ અને જેઇઇ તરફ ફોક્સ રાખીને જ શાળાની પસંદગી કરે છે. ડે સ્કુલમાં પ્રવેશ માટેનો ઉત્સાહ પણ યથાવત છે.

**રોહીત રાવલ : સહજાનંદ સ્કુલ ઓફ અચિવર**

**નીટ અને જેઇઇ પરીક્ષાનો હાઉ જવાબદાર**

ધોરણ -૧૦ માં ધાર્યા કરતા ઉંચુ પણ નબળુ આવ્યુ છે. જેના લીધે વાલીઓ અને વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં છે. નીટ અને જેઇઇની પરીક્ષાનો હાઉ તથા પ્રવેશ માટેની અનિર્ણાયક સ્થિતિના લીધે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ ગભરાય છે. આ વખતની પ્રવેશ કાર્યવાહી દરમિયાન આવો અનુભવ ચોકક્સ થયો છે. જયારે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે ગત વર્ષ કરતા ઓછો ઉત્સાહ પણ જોવા મળી રહયો છે.

**નયન ત્રિવેદી : વેદ ઇન્ટરનેશનલ સ્કુલ**

**પ્રવેશને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ યથાવત**

ધોરણ -૧૧ માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ઉત્સાહ યથાવત છે. કડી કેમ્પસ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કુલમાં ઉચ્ચ શિક્ષણ સહીત હોસ્ટેલની પણ યોગ્ય સુવિધા મળતી હોવાના લીધે નગરના ઉપરાંત બહારના વિદ્યાર્થીઓ પણ વિશેષ પ્રવેશ મેળવે છે.

**બચુભાઇ પટેલ : સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ**

**વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ અને કોમર્સ બન્નેમાં પ્રવેશ માટે ઉત્સુક**

દરવર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ ૧૧ માટે પ્રવેશ પ્રક્રીયામાં વિદ્યાર્થીઓનો ઘસારો વધુ છે. વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ ઉત્સુક છે. ત્રણેય ફેકલ્ટીમાં પ્રવેશ માટે સરખો ઉત્સાહ જોવા મળી રહયો છે.

**સુધાબેન પટેલ : આચાર્ય આર જી કન્યા શાળા**

**વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ નીકળી જતા ભણવાનુ વધુ અઘરુ**

વિજ્ઞાન પ્રવાહ કરતા કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ વધુ ઉત્સુક બન્યા છે. જે ઇ ઇ અને નીટની કપરી કસોટીની તૈયારી અને અનિર્ણાયક સ્થિતિના લીધે વાલીઓ પણ મુંઝવણ અનુભવી રહયા છે. ત્યારે દરવર્ષ કરતા વિદ્યાર્થીઓ કોર્મસમાં પ્રવેશ મેળવવા માટે વધુ જાગૃત છે. ગત વર્ષ ધોરણ ૧૧ કોર્મસમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓની વધુ ભીડ શાળામાં જોવા મળી રહી છે. જયારે સેમેસ્ટર પધ્ધતિ નિકળી ગયા બાદ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવો વધુ અઘરો અને જટીલ બન્યો હોવાનુ પણ કેટલાક વાલીઓ જણાંવી રહયા છે.

**રાજેશ દરજી : એન કે પટેલ સ્કુલ ઓફ કોમર્સ**



રંગમંચનું રિનોવેશન - શહેરના હાર્દસમા સેક્ટર-૨૨ના રંગમંચનું રિનોવેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... શહેરના સાંસ્કૃતિક ઈતિહાસનું પ્રથમ પ્રકરણ જ્યાંથી આરંભાયુ છે તે સેક્ટર-૨૨નો રંગમંચ જનજીવન માટે ઐતિહાસિક છે... ટાઉનહૉલ કે અન્ય ઓડિટોરીયમનું અસ્તિત્વ નહોતું ત્યારે શહેરના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર આ રંગમંચ રહ્યો છે... ગણેશોત્સવના કાર્યક્રમો હોય કે લોક ડાયરા હોય કે જ્ઞાતિ સમાજના મેળવડા હોય કે લગ્ન પ્રસંગ હોય, સૌને પોષાય અને સૌને ગમી જાય એવું સ્થળ એટલે સેક્ટર-૨૨નો રંગમંચ... મહાનગરપાલિકા દ્વારા રંગમંચનું રિનોવેશનનું કામ આરંભાયું છે અને પૂરજોશમાં ચાલે છે... રિનોવેશન બાદ નવપલ્લવિત રંગમંચ પુનઃ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતો થશે જ એવો ઉત્સાહ ઉગે છે...

# મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન પદે નરેશ ઠાકોર નિમાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે નરેશભાઈ ઠાકોરની નિયુક્તી કરવામાં આવી છે જ્યારે ખેતીવાડી-ઉત્પાદન સહકાર સમિતિમાં ચેરમેનને યથાવત રાખવામાં આવ્યા છે.

તાજેતરમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આ બે સમિતિઓની પુનઃ રચના કરવામાં આવી હતી. ત્રણ માસ બાદ આ સમિતિઓ પુનઃ કાર્યાન્વીત થઈ છે.

આજે આ બન્ને સમિતિઓની પુનઃ રચના બાદ પ્રથમ બેઠક મળી હતી. મહિલા બાળ વિકાસ સમિતિમાં ચેરમેન દિનેશજી ઠાકોરને યથાવત રખાશે તેવી અફવાઓ વચ્ચે મળેલી બેઠકમાં પક્ષના સભ્યોને અપાયેલા વ્હીપમાં નરેશ ઠાકોરનુ નામ નીકળ્યુ હતુ.

મહિલા બાળ વિકાસ સમિતિમાં પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ પણ સભ્ય તરીકે સેવાઓ આપનાર છે. આ સમિતિ યથાવત ન રહેતાં ખેતીવાડી ઉત્પાદન સહકાર સમિતિને લઈ રાજકીય ઉત્તેજનાઓ ઉભી થઈ હતી પરંતુ તેમાં ચેરમેન રાજીબેન રાઠોડને યથાવત રાખવામાં આવ્યા છે.

**ખેતીવાડી ઉત્પાદન સમિતિમાં ચેરમેનને યથાવત રાખવામાં આવ્યા**

જિલ્લા પંચાયતની આ બે સમિતિઓની મુદત ફેબ્રુઆરીમાં પૂર્ણ થઈ ગઈ હતી જે ઉલ્લેખનીય છે.

# સીઆરપીએફ કેમ્પમાં પણ કમળાના કેસ મળ્યા

## ૧૦૦થી વધુ જવાનો કમળામાં સપડાયા : જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસો વધી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને અડીને આવેલ સીઆરપીએફ કેમ્પમાં છેલ્લા બે મહિનામાં કમળાના ૧૦૦થી પણ વધુ કેસ નોંધાયાની ચોંકાવનારી હકીકતથી જિલ્લાનું આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

આ કેમ્પમાં ગટરની પાઈપલાઈન અને પેયજળની પાઈપલાઈનોમાં લિકેજીસ થતાં આ પાણીજન્ય રોગચાળો થયો હોવાનું બહાર આવ્યુ છે. જો કે તાત્કાલિક અસરથી પાઈપલાઈનો બદલી નાખવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૫૨ જેટલા જવાનોને તો સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હાલ આ જવાનોની તબિયત સારી હોવાનું પણ આરોગ્યતંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ જણાવ્યુ હતુ કે જવાનોને કમળાની અસર થઈ હતી. હવે સ્થિતિ ઘણી સારી છે. ત્યાં સીઆરપીએફ દ્વારા જ બધી કાર્યવાહી કરવામાં આવે છે. આમ તો અમારા કાર્યકરો ત્યાં ગયા હતા ત્યારે આ માહિતી મળી હતી તેવો તેમણે એકરાર કર્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળો સતત વકરી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કમળાના છુટા છવાયા કેસો નોંધાયા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ છેલ્લા એક સપ્તાહમાં ૯૦ થી વધુ કેસો કમળાના નોંધાયા છે જેમાં શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના કેસો પણ છે.

# શહેરી બસ સેવા ચાલુ કરો નહિ તો આંદોલન કરીશુ : બિહોલા

## બસ સેવા ચાલુ નહિ કરવાના મૂળમાં ભ્રષ્ટાચારની ગંધ આવે છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી બસ સેવા અંગેની એજન્સી નિયત કરવામાં જે રીતે ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે તેના મૂળમાં ભ્રષ્ટાચાર હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો છે.

બિહોલાએ આજે આ અંગે મેયર પ્રવિણ પટેલને એક પત્ર લખી સામાન્ય નાગરિકોને પડી રહેલી તકલીફો અને વેદનાની વાત કરી શહેરી બસસેવા શરૂ કરવામાં આવે તેવી માંગ કરી છે. જો આ અંગે ઝડપથી નિર્ણય લેવામાં નહિ આવે તો કોંગ્રેસ પક્ષને આંદોલન છેડવા સિવાય કોઈ માર્ગ આવતો નથી તેમ તેમણે કહ્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપનુ શાસન છે અને

● અનુસંધાન પાન-૭ પર

# ગ-૨ પાસે અનઅધિકૃત લારી બજારમાં મનપાનું તંત્ર ત્રાટક્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સેનીટેશન ટીમ આજે શહેરના ગ-૨ વિસ્તારમાં લારીઓ લઈ વેપાર કરતા વેપારીઓ પર ત્રાટકી હતી અને રૂ. ૨૨૦૦ જેટલો વહીવટીય ચાર્જ વસુલ્યો હતો.

મળતી વિગતો મુજબ આ વિસ્તારમાં પાણીપુરી, બરફના ગોળા અને શરબતના વેપાર કરતી લારીઓ પર તંત્ર ત્રાટક્યુ હતુ.

આ સર્કલ નજીકના સેક્ટરો ૩, ૪, ૫ અને ૬માંથી કમળાના કેસો મળી આવ્યા બાદ હરકતમાં આવેલા તંત્રએ આજે દંડનીય કાર્યવાહી કરી છે. આ લારીઓમાંથી અખાદ્ય ચીજોનો નાશ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

# ધોરણ -૧૦ માં ત્રણ ટ્રાયલ બાદ અક્ષયે ધોરણ -૧૨માં ૭૪ ટકા ગુણ મેળવ્યા

ગાંધીનગર તા ૧

ધોરણ -૧૦ માં ત્રણ વાર નાપાસ થયા બાદ અભ્યાસ પ્રત્યે અરૂચિ દાખવનાર અક્ષય



પ્રજાપતિએ ધોરણ ૧૨ કોર્મસમાં ૭૪.૭૧ ટકા ગુણ પ્રાપ્ત કરી નાસીપાસ થયેલા વિદ્યાર્થીઓને નવી રાહ ચિંધી છે. અક્ષયના મતે નાપાસ થયા બાદ શિક્ષણ પ્રત્યે ગંભીરતા આવી અને શાળાના શિક્ષકોના માર્ગદર્શન તેમજ મહેનતના અંતે ઉજજવળ પરિણામ પ્રાપ્ત થયુ હોવાનુ તેણે જણાંવ્યુ છે. અક્ષયના પિતા મુકેશભાઇ ચા ની લારી ચલાવી પરિવારનો ગુજારો કરે છે. જયારે અક્ષયની આ સફળતા અને બદલાવથી તે અત્યંત ખુશ છે.

ધોરણ -૧૨માં એન કે સ્કુલ ઓફ કોર્મસમાં અભ્યાસ કરતા અક્ષય મુકેશ પ્રજાપતિએ બોર્ડમાં ૭૪.૭૧ ટકા પરિણામ મેળવ્યુ છે. અન્ય વિદ્યાર્થીઓની સાપેક્ષમાં આ પરિણામની ટકાવારી સામાન્ય હોવાનુ સ્પષ્ટ થાય છે. પરંતુ અક્ષય ધોરણ -૧૦ માં ત્રણવાર નાપાસ થતા અભ્યાસમાંથી તેનો રસ ઉડી ગયો હતો. તેના જણાંવ્યા મુજબ નગરની એન કે સ્કુલ ઓફ કોર્મસમાં પ્રવેશ મેળવી તેને અભ્યાસમાં વધુ રૂચિ કેળવાઇ. નાપાસ થયા બાદ ભણવામાં ગંભીરતા આવી જેના પાછળ એન કે સ્કુલના રાજેશ દરજી સહીત શાળાના અન્ય વિષય શિક્ષકોની મહેનત જવાબદાર છે. અક્ષયને અભ્યાસમાં રૂચિ કેળવાય તે માટે શિક્ષકોનુ યોગ્ય માર્ગદર્શન મળતા પરિણામ સારુ આવ્યુ છે. અક્ષયે આગળ અભ્યાસ કરી સરકારી અફસર બનવુ છે. તેના જણાંવ્યા મુજબ તેના પિતા મુકેશભાઇ સે-૨૮ માં ચા ની લારી ચલાવે છે. જયારે માતા સુભદ્રાબેન હાઉસ વાઇફ છે. અક્ષય પોતાના પરિણામથી ખુબ જ ખુશ છે. જયારે પોતાની આગળની શૈક્ષણિક કારકીર્દી માટે એન કે સ્કુલના રાજેશ દરજીના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરવો છે.

**રક્તદાન - મહાદાન**
**ચક્ષુદાન - શ્રેષ્ઠદાન**



















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com